નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 06/02/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## સતાધાર ના સંત શામજીબાપુ ની બાળપણ ની વાતો સાથે શામજીબાપુ ને

# કોટી કોટી વંદન

" સતાધાર એ સૌરાષ્ટ્ર ના શિરમોર સમાન પાવન તીર્થધામ છે , અહી પુજ્ય આપાગીગા થી માડી ને બહ્મલીન યુવા સંત પુજ્ય ' જગદીશબાપુ ' સુધી ના સંતો ની તપશ્ચર્યો બોલે છે !! પાળયા થયને પુજાતા અને ખાભી ઓ હેથળ ધરબાઈ ને દેવત્વા પામેલા અનેક સંતો ની પવિત્ર ધરતી એટલે સોરઠ ધરા અને એમાય સતાધાર એ તો અનુપમ અવનિ અહી સેવા-ભજન-ત્યાગ નો ત્રિવેણી સંગમ રચાયો છે!! સત્ ની આહલેક જગાવનાર સેવા ના અખંડ ભેખધારી પુજ્ય આપાગીગા એ આઁબાજર નદીને કાઠે સતાધાર નો ટીંબો સ્થાપ્યો પછી

**|| પુજ્ય કરમણબાપુ || - || પુજ્ય રામબાપુ || - || પુજ્ય હરીબાપુ ||**

**|| પુજય લક્ષમણબાપુ || પછી || પુજ્ય શામજીબાપુ ||.....**



# “શામજીબાપુના બાળપણ ની વાત કરી એ તો”

શામજીબાપુ નો જન્મ સાવરકુડંલા ગામ ના કડીયા જ્ઞાતિ ના પરમાર પરીવાર મા થયો.... પરીસ્થીતી એકદમ ગરીબ હોવાથી સાવર કુડંલા થી એકદમ નજીક આવેલ ગામડુ ભમોદરા મા તેમના પિતા ખેતર મા ખેતીકામ અને સાતીપણુ કરવા લાગ્યા ત્યારે બાળ શામજી અને બાળ મોહન બંને ભાઈઓ ની ઉમર ફક્ત પાચ-છ વર્ષે ની હતી ત્યારે કુદરત ને સુજ્યુ તે સાચુ થોડા સમય મા જ બાળ શામજી અને બાળ મોહન ના માતા પિતા નુ અવસાન થયુએ સમયે સાવર કુડંલા ના મહાન સંત પુજય કાનજીબાપુને ભમોદરા ના ખેડુત પટેલે આવી પુજય બાપુ ને વાત કરી કે બાપુ કડીયા નાત ના બે છોકરાવ છે એમના મા બાપ બંને ગુજરી ગયા છે છોકરાવ બંને નોધારા થય ગયા છે ત્યારે પુજ્ય કાનજીબાપુ એ આ વાત સાભળતા કહ્યુ કાઈ વાધો નહી બાપા હુ આવુ છુ અને બંને બાળકો ને લય જવ છુ અહી ઠાકર ના આશરે મોટા થય જશે પુજય સંત કાનજીબાપ એ સમયે પોતાની ઘોડી લય ભમોદરા ગયા ને બંને બાળકો ને પોતાની સાથે ઘોડી ઉપર સાથે બેસાડીને લય આવ્યા...આ બંને બાળકો ને પુ.કાનજીબાપુ એ પોતાની જગ્યા મા સાથે રાખી ઉછેર્યા નાનપણ થી જ તેમનામા ધર્મ ના સંસ્કારો રેડાતા રહયા એવા સાવર કુડંલા માજ રહેતા

શામજીબાપુ ના કુટુબી બહેન વનાઈબેને પુ. કાનજીબાપુ ને વાત કરી બાપુ હવે શામજી ને પરણાવવાની ઈચ્છા છે વનાઈબેને શામજી ને પરણાવવાની તૈયાર કરી શામજી ના લગ્ન લેવાયા શામજી ના લગ્ન થયા જાન સાજે પરણી ને ઘેર આવી પોખવાની વીધી ની તૈયારી થય એવા મા બન્યુ એવુ ઉમરા બહાર ઉભેલ શામજી એતો પોતે પહરેલ વરમાલા નો ઘા કરી એક જગ્યા એ ઘર ની બહાર જય બેસી ગયા !! શેરી મા થી લોકો આવ્યા બધા એ ખુબ સમજાવ્યા પણ ઘર ની અંદર આવેજ નહી કોઈએ કહ્યુ એક કામ કરો પુ કાનજી બાપુ સમજાવે તો કદાચ સમજી જાયપુ કાનજીબાપુ આવ્યા અને બાપૂ એ શામજી સામુ નજર કરી જોય લીધુ કે આનો રસ્તો તો કાઈક જુદો જ છે પુજ્ય કાનજીબાપુ એ બધા ને કહ્યુ ભાઈયો તે સમજશે નહી એનો મારગ જુદોજ છે ધીમે ધીમે સંધ્યા ટાઈમ થયો કોઈ ને ખબર પડે નપડે ત્યા તો શ્યામજી વરરાજા પહેરેલ કપડે સીધી જ સતાધાર ની વાટ પકડી સવાર પડતા જ સતધાર ના એ વખત ના મંહત " પુજ્ય લક્ષમણબાપુ " એ જગ્યા નો ડેલો ખોલ્યો જોયુ તો સામે વરરાજા ના પહેરેલ કપડા મા શામજી ને જોયા પુજ્ય લક્ષમણ બાપુ પણ વાત પામી ગયા અને આવકાર આપ્યો બેસાડ્યા પછી "વિસાવદર થી ફોટા

વાળા ને બોલાવી વરરાજા ના વેશ મા ખુરશી ઉપર બેસાડી ફોટો પડાવ્યો એ ફોટો હાલ મા પણ જગ્યા મા મોજુદ છે!!" થોડા સમય પછી શામજીબાપુ ના મોટાભાઈ મોહનભાઈ પણ સતાધાર આવી ગયા એ સમયે સતાધાર મા માતા પિતા વિહોણા એવા 'મોહનભગત' અને 'શામજીભગત' બંને બંધુઓ મૌનમુક ભાવે સેવા યજ્ઞ મા સતત મગ્ન રહેતા દૂબળા પાતળા દેહધારી શામજી નામનો યુવાન સૌની નજર મા વસી ગયો ગૌ સેવા સાધુ અભ્યાગતો ની સેવા મંદિર મા પૂજા આરતી નુ કાર્ય કરતા શામજીભગત " અવિરત કાર્યોમા અને પ્રવૃતિઓમા લીન રહેતા ધીર ગંભીર તથા શાંત પ્રસન્ન મુદ્રા તથા તપસ્વી નુ તેજ અને ક્રાતિમાન ચહેરો એટલે શામજી" મંદિર પરિસર અને બહાર બધેજ કામકાજ મા શામજી મોખરે હોય જ..... !! ગાદીપતિ એની સ્વયં આવશે ગાદીનો વારસદાર ફકકડ, તેજસ્વી તથા સરળ હશે આવા ગુરુમૂખેથી સાભળેલા શબ્દો આપા લક્ષ્મણભગત ને શામજી મા ચરિતાર્થ થતા હોય એવુ જણાયુ શિષ્ય ને ગુરુ શોધવા જવુ પડતુ નથી પરંતુ સદ્ગુરુ જ શિષ્ય ને સ્વયં શોધી લે છે એ ન્યાયે ગુરુ લક્ષ્મણબાપુ એ ઓલિયા અવતારી પુરુષ એવા શિષ્ય શામજી ને શોધી લીધા!! ગીતા કથન અનુસાર ભકત વીતરાગ હોવો ઘટે ગુરુ ને શામજી મા વીતરાગપણુ તથા મહાન ત્યાગ ભાવના દેખાયા... સનાતન ધર્મ ન સુત્રધાર



તરીકે શામજીભગત સતાધાર ની ગાદી સંભાળવા તથા શોભાવવા શત પ્રતિશત સક્ષમ છે, એકવચની છે તથા ઈશભકતી થી રંગાયેલ આત્મા છે એવુ ગુરુ ને માલુમ પડતા આપાગીગા જેવા સમર્થ સંત ની ગાદી ના વારસદાર શામજીભગત જ યોગ્ય લાગ્યા ગૌસેવા મા મગ્ન છાણ વાસીદાથી લથપથ એવા શામજીભગતને ગાદીપતિ મહંત બનાવવાનો ગુરુ એ નિર્ણય કર્યો ' મજુર જેવોલાગતો અને એકવડા બાંધાવાલો આ સૂકલકડી યવાન' આટલો કારોબાર સંભાળી શકશેએવી શંકા કુ શંકા કરતા સંસારી લોકો ને કયા ખબર હતી કે શામજીભગત તો દ્રઢ મનોબળવાળા અને પ્રચંડ આત્મશક્તી ધરાવતા આવનારા ઓલિયા હતા!!.... સતાધાર ની ગાદી સોપતી વખતે આર્ષદષ્ટા "ગુરુ લક્ષ્મણબાપુ "એ ભવિષ્યવાણી કરેલી કે સતાધાર ની ગાદી સંભાળનાર શામજી ભવિષ્ય મા આ ગાદી નો મહીમા દેશવીદેશ મા ફેલાવીને આ તીર્થધામ નુ નામ સારા જગત મા ગૂજંતુ કરશે એમા કોઈએ જરાપણ શંકા રાખવી નહી ગુરુ ના આશબ્દો અક્ષરશ સત્ય પૂરવાર થયા ત્યારે થોડા સમય બાદ ગુરુ લક્ષ્મણબાપુ એ સંસાર માથી વિદાય લીધી સતાધાર ની જગ્યા મા પોતાના શક્તી અને કૌવત દ્વારા પંચપ્રાણ પૂરી દીધા અયાચકવૃતી એવા આ સંત ઓલીયા એ હંમેશા દરેક ને કંઈક ને કંઈક આપ્યુ જ છે.....

સતાધારધામ જગવિખ્યાત નો પ્રસંગ કુંભ મેળા થયો જ્યારે પરમ પૂજ્ય શ્યામજીબાપુ કુંભમેળામાં ગયા અને સેવકગણ ઉપસ્થિત મા કહ્યું કે આપણે સાધુ સંતો અને અખાડો ને ભોજનપ્રસાદ કરાવા છે ત્યારે સેવકગણ કહ્યું બાપુ આપણે એટલા પૈસા સાથે નહીં લાવ્યા. ત્યારે પૂજ્ય બાપુએ કહ્યું હતું કે આપાગીગા બધું પુરૂ કરશે. એ ઘટના એવી બની કે સમગ્ર કુંભ મેળામાં આવેલા સંતો ને ત્રણ ટાઈમ જમણવાર કરી ધીમો એટલે અખાડા ના સંતો મા શ્યામજીબાપુ ને બોલાવાય અને કહ્યું જે એક ટક નો જમાડી શકે. પણ શ્યામજી તમે તો ત્રણ વખત જમાડયા ત્યારે સાધુ-સંતો તમને સંતશીરોમણી તરીકે બીરદુ આપ્યું અને હાથીની સવારી કરી નગર મા ફેરવ્યા આવા હજારો પરચા આપ્યા છે...